# કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રીનો સલાહ, વિવાદી બોલ ના બોલો

ગાંધીનગર, તા. ૨

પાણી વગરની રૂપાણી સરકાર અને ભારતીય જનતા પાર્ટીના મળતીયાઓએ ગુજરાતની જનતાનું શોષણ કરી ગુજરાતને ખુબજ ઊંડી ખાઈમાં ધકેલી દીધેલ છે. પોતાની નિષ્ફળ નીતિઓ અને ભ્રષ્ટાચારને છુપાવવા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના સરકારના મહેસુલ તથા ગૃહ વિભાગના કર્મચારીઓએ છેલ્લા વીસ પચીસ વર્ષના સમય દરમ્યાન ખુબજ ભ્રષ્ટાચાર કર્યો છે તેવુ શરમજનક નિવેદન આપ્યું છે. આ વીસ પચીસ વર્ષના સમય ગાળામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો શાસન કાળ પણ સમાવિષ્ટ હતો.

આવા કર્માચારીયોનું મનોબળ તોડતા નિવેદનના વિરોધમાં ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ તથા ગાંધીનગર શહેર જીલ્લા કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે આજ રોજ તારીખ ૨-૧-૨૦૧૯ બુધવારે સવારે ૧૦ કલાકે, સત્યાગ્રહ છાવણી, સે.૬ ખાતે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભીની આગેવાનીમાં ધરણા તથા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસ પક્ષ તરફથી મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજીનામાની માંગણી કરવામાં આવી હતી તથા ગુજરાત સરકારના કર્મચારીઓનું મનોબળ તોડતા નિવેદનો આપવાથી દુર રેહવા ચીમકી આપી હતી.




સદર કાર્યક્રમમાં શહેર પ્રમુખ ડો.કૌશિકભાઈ શાહ, ધારાસભ્ય ડો.સી.જે. ચાવડા, પ્રદેશ મહામંત્રીઓ ડો. હિમાંશુભાઈ પટેલ, નીશીતભાઈ વ્યાસ, જી.પ પ્રમુખ મંગુબેન ચૌધરી, ભુપેન્દ્રસિંહ રાઠોડ, જગતસિંહ ચોહાણ, પ્રવીણસિંહ ઠાકોર, ગીરવતસિંહ ચાવડા, અરવીન્દ્સિહ સોલંકી, જગતસિંહ ઝાલા, ભાવીનસિંહ ઠાકોર સહીતના કાર્યકરો - આગેવાનો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# UGVCL દ્વારા ગાંધીનગરમાં 'રન ફોર એનર્જી' મેરેથોન યોજાઈ

ગાંધીનગર ખાતે મહાત્મા ગાંધી મંદિરથી ખ-૦ સુધી ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા 'રન ફોર એનર્જી' મેરેથોન દોડનું આયોજન કરવામાં આવેલ જેમાં કંપનીના કુલ ૩૫૦ કરતા પણ વધુ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈને સમગ્ર મેરેથોનને સફળ બનાવેલ. નોંધપાત્ર બાબત એ હતી કે ઉ. ગુ. વીજ. કંપની લી. ના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી સ્વરૂપ પી. તથા તેમના ધર્મપત્ની શ્રીમતી શ્રુથી સ્વરૂપ. અને કંપનીના ઉચ્ચ અધિકારીઓએ ભાગ લઈને કર્મચારીઓનો ઉત્સાહ વધાર્યો છે.




ભાઈઓ તથા બહેનો વિભાગમાં પ્રથમ ત્રણ ક્રમાંક પર આવેલ સ્પર્ધકોને ટ્રોફી તથા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ સમય મર્યાદામાં દોડ પુરી કરનાર સ્પર્ધકોને પણ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

સમાપન સમારંભમાં કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી સ્વરૂપ પી. દ્વારા કર્મચારીઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવેલ તેમજ કંપનીને પણ પોતાની કામગીરીથી સતત દોડતી રાખવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી સ્વરૂપ પી.ના માર્ગદર્શન હેઠળ શ્રી એ સી પ્રજાતિ તથા શ્રી વી. એમ. શ્રોફ અધિક્ષક ઈજનેર, સાબરમતી અને તેમની ટીમ દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

## ગુજરાત પ્રવાસન નિગમ લી.

Gujarat Tourism

ગાંધીનગર

### ટેન્ડર નોટીસ

ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા નિયત કરેલ સ્પેસિફિકેશન મુજબના સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ૩ડી મોમેન્ટો તૈયાર કરી સપ્લાય કરતી પાર્ટીઓ/એજન્સીઓ પાસેથી ખરીદવા માંગે છે. ટેન્ડર ડૉક્યુમેન્ટ વેબસાઈટ : www.nprocure.com પરથી તા.૦૪/૦૧/૨૦૧૯થી ડાઉનલોડ કરી શકશે અને તાઃ૧૧/૦૧/૨૦૧૯ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન ભરવાનું રહેશે. આ અંગે વધુ માહિતી નિગમની વેબસાઈટ : www.gujarattourism.com ઉપર પણ જોવા મળશે. કોઈ પણ ટેન્ડર સ્વીકારવું કે ના સ્વીકારવું તે અંગેનો હક નિગમનો અબાદીત રહેશે.

**મેનેજિંગ ડિરેક્ટરશ્રી**

# રાજ્યમાં શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ અન્વયે નોધાયેલા એકમોને હવેથી દર વર્ષે લાયસન્સ પરવાનગી રિન્યુઅલથી મુકિત

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ- ગુમાસ્તા ધારા અન્વયેના એકમો માટે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસનો અભિગમ અપનાવતાં એક મહત્વપૂર્ણ સૈધ્ધાંતિક ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ રાજ્યમાં વેપાર-વ્યવસાયકારોને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસની સરળતા કરી આપીને લાયસન્સ પ્રથા દૂર કરવાનો જે અભિગમ અપનાવેલો છે તેમાં પેટ્રોલ પંપ ધારકોને લાયસન્સ રિન્યુઅલમાંથી મુકિતના નિર્ણય બાદ આ વધુ એક સૈધ્ધાંતિક નિર્ણય તેમણે કર્યો છે.

ઈન્સ્પેકટર રાજમાંથી મુકિત અપાવતા આ સૈધ્ધાંતિક નિર્ણય અનુસાર હવેથી જે વન ટાઈમ ફી ના ધોરણો નિયત કરવામાં આવ્યા છે તેમાં ૧૦ કરતાં વધુ કર્મચારીઓ ધરાવતાં વાણિજ્યીક એકમ માટે રૂ. ૫૦૦, ૧૦ કરતાં ઓછા કર્મચારીઓ હોય તેવા એકમો માટે રૂ. ૨૫૦, ૧૦ કે તેથી વધુ કામદારો-કારીગરો ધરાવતી દુકાનો માટે વન ટાઈમ ફી રૂ. ૫૦૦ તથા ૧૦થી ઓછી કામદાર-કારીગર સંખ્યા ધરાવતી દુકાનો માટે રૂ. ૨૫૦ની ફી રાખવાનું સૂચવાયું છે.

## ગુજરાત સરકાર
## મહેસુલ વિભાગ
### સચિવાલય, ગાંધીનગર

**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

જીલ્લો : ગાંધીનગર

ક્રમાંક : અમ-૨૦૧૮-૮૨૮-મ-જગધ-૧૦૨૦૧૭-૩૦૨-ચ તા. ૧૭/૧૨/૨૦૧૮

રાજ્ય સરકારને જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની 'ધરોઈ એકસટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ ૯૬૩૦ થી ૧૦૫૬૦ મી. વચ્ચે' કરવા જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોની નીકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અભિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહી.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામુ યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતુ કર્યું હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩ (જ) હેઠળ જિલ્લા કલેક્ટરશ્રી જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાય ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

આ કાયદાની કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ આ જાહેરનામુ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર જમીનમાં હિત ધરાવતી વ્યક્તિ / ઈસમ જમીન સંપાદન અંગેના વાંધા નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગર, સમક્ષ રજૂ કરી શકાશે.

**અનુસુચિ**

**જિલ્લો : ગાંધીનગર** **તા. માણસા** **ગામ : મહુડી-૨**

| અ.નં. | જુના સર્વે નંબર | નવો સર્વે નંબર | સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|---|
| ૧ | ૨૩૪/૧/બ | ૫૧૭<br>૫૧૮ | ૦-૨૬-૪૬ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**સહી/-**
**સરકારના ઉપસચિવ**

**માહિતી/હિંમત/૪૭૩/૧૮**

# ઠંડીમાં નજીવી રાહત મહત્તમ તાપમાન વધ્યુ

## લઘુત્તમ તાપમાન ૭.૬ ડિગ્રીએ યથાવત રહ્યું

ગાંધીનગર, તા. ૨

મહત્તમ તાપમાનમાં સારો એવો વધારો થયો છે. મહત્તમ તાપમાન ૩૦.૪ ડિ.સે. સુધી પહોંચતા વસાહતીઓને ઠંડીમાં થોડીક રાહત મળી છે. ઠંડા પવનો બંધ થતાં વસાહતીઓએ હાશકારો અનુભવ્યો છે.

ગાંધીનગરમાં છેલ્લા પંદર દિવસથી આકરી ઠંડી પડી રહી છે. લઘુત્તમ તાપમાન એક આંકડામાં રહ્યું છે. ૧૦ ડીગ્રીની નીચે તાપમાન રહેતા વસાહતીઓ ઠંડીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. એક તબક્કે તો દિવસ દરમ્યાનનુ મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રીની નીચે પહોંચી જતાં વસાહતીઓ દિવસ દરમ્યાન પણ ઠંડીથી થરથર ધ્રુજ્યા હતા. છેલ્લા બે-ત્રણ દિવસથી ટાઢમાં થોડીક રાહત અનુભવાઈ રહી છે. મહત્તમ તાપમાન તબક્કાવાર વધી રહ્યું છે. આજે મહત્તમ તાપમાન ૩૦.૪ ડિ.સે. સુધી પહોંચતા વસાહતીઓને રાહત મળી હતી. દિવસે પહેરી રાખવા પડતા ગરમ વસ્ત્રો વસાહતીઓ ત્યજી શક્યા છે. જોકે રાત્રી દરમ્યાનનું તાપમાન યથાવત રહ્યું છે. લઘુત્તમ તાપમાન ૭.૬ડિ.સે. નોંધાયું છે.

# ઝોમેટોના વોટ્સએપ ગ્રુપમાં થયેલી કોમેન્ટને પગલે ડિલિવરી બોયઝ વચ્ચે બબાલ

**થર્ટી ફર્સ્ટની રાત્રે એક ડીલીવરી બોય ગ્રુપમાં કોમેન્ટ કરી 'પટેલ દારૂ પીવે' : આ કોમેન્ટથી મામલો ગરમાયો : ટેલિફોનિક બોલાચાલી બાદ હોટલ પાસે જઈને ડીલીવરી બોય ઢીબી નંખાયો : પોલીસ ફરિયાદ નોંધાઇ**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ કુડાસણ રોડ પર આસ્કા હોસ્પીટલની સામે થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની રાત્રે મારામારીની એક વિચિત્ર ઘટના બનવા પામી હતી. ઓનલાઈન ફુડ ડીલીવરી કરતી કંપની ઝોમેટોના વોટ્સએપ ગ્રુપમાં થયેલી એક કોમેન્ટ ને પગલે આ ઘટના બનવા પામી હતી. ડીલીવરી બોયઝ વચ્ચે થયેલી આ માથાકૂટે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને હોટેલની બહાર જ મારામારીના દશ્યો સર્જાવા ઉપરાંત ખુરશીઓ ઉછળી હતી. એક ડીલીવરી બોયને લોહીલુહાણ હાલતમાં મૂકીને અન્ય હુમલાખોર ડીલીવરી બોયઝ ફરાર થઈ ગયા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઘાયલ ડીલીવરી બોયને સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. તેણે હુમલાખોર ડીલીવરી બોય સામે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરીને આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા સરઢવ ગામમાં રહેતા સની રમેશભાઈ પટેલ ઓનલાઈન ફુડ ડીલીવરી કરતી કંપની ઝોમેટોમાં ઘણા સમયથી ડીલીવરી બોય તરીકે નોકરી કરે છે. થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની રાત્રે દસ વાગ્યાના અરસામાં તેમના ઝોમેટો કંપનીના ચાલતા વોટ્સએપ ગ્રુપમાં સરઢવ ગામના જ એક અન્ય ડીલેવરી બોય જયદીપસિંહે કોમેન્ટ કરી હતી કે 'પટેલ દારૂ પીવે'... ગ્રુપમાં આવેલી આ કૉમેન્ટને પગલે સની પટેલે જયદીપને ફોન કર્યો હતો અને આ મામલે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ સમયે સની પટેલ

● અનુસંધાન પાના ૭ પર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



ગરીબોની બેલી બની સરકાર
લાભાર્થીઓને હાથોહાથ સહાય

ગરીબ કલ્યાણ મેળાનો ૧૧મો તબક્કો






સાચા લાભાર્થીઓને સીધી સહાય

- દસ તબક્કામાં યોજાયેલ ૧૪૯૧ ગરીબ કલ્યાણ મેળાઓ થકી ૧.૩૪ કરોડ લાભાર્થીઓને રૂા.૨૩,૮૮૯ કરોડની સહાય
- ૧૩.૯૨ લાખ અનુસૂચિત જાતિના, ૩૪.૫૯ લાખ અનુસૂચિત જનજાતિના તથા ૬૨.૫૫ લાખ મહિલા લાભાર્થીઓને સહાય
- તા.૩, ૪ અને તા.૮મી જાન્યુઆરી-૨૦૧૯ના રોજ ૩૩ જિલ્લાઓમાં ૩૯ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન
- ગરીબ લાભાર્થીઓને એક જ દિવસે એક જ સ્થળે યોજનાકીય લાભ આપવાનું આયોજન
- રાજ્યના તમામ પ્રાંત, તાલુકા, નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓનો સમાવેશ
- સ્વરોજગાર માટે જુદી-જુદી ટુલકીટ-સાધનોની સહાય

મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિ

તા. ૩-૧-૨૦૧૯, ગુરૂવાર, સમય : સવારે ૧૦.૩૦ કલાકે, સ્થળ : પોરબંદર, જિ. પોરબંદર

તા. ૪-૧-૨૦૧૯, શુક્રવાર, સમય : બપોરે ૩.૦૦ કલાકે, સ્થળ : ભૂજ, જિ. કચ્છ

માહિતી ૨૦૧૮-૧૯ (૫૮)

રાજ્ય સરકારની તમામ યોજનાઓનો લાભાર્થીઓને એક જ દિવસે એક જ સ્થળે લાભ આપી આર્થિક રીતે પગભર કરવા ઘરઆંગણે જ સીધી સહાય - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત